સત્યમેવ જયતે
GOVERNMENT OF GUJARAT

જય પ્રકાશ શિવહરે, આઈ.એ.એસ.
કમિશનર

ક્રમાંક : એસબીએચઆઇ/લોકડાઉન/વિલંબિત નોંધણી/ છૂટ/૨૦૦૨/૪૬/૨૦૨૧
કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં. ૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
તારીખ : ૨૮/૦૫/૨૦૨૧

**વિષય:- લોકડાઉનને કારણે જન્મ, મરણ કે મૃત જન્મની વિલંબિત નોંધણીમાં છૂટ આપવા બાબત.**

**-:પરિપત્ર:-**

કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીને કારણે હાલમાં સમગ્ર રાજ્યમાં કોવિડ-૧૯ના કેસોમાં અસામાન્ય વધારો જોવા મળી રહ્યો છે. લોકો દ્વારા તેમજ સ્થાનિક સ્વરાજ્યની કેટલીક સંસ્થાઓ દ્વારા સ્વૈચ્છિક લોકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારે પણ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ઠ, તા.૧૫/૦૪/૨૦૨૧ના પરિપત્રથી સરકારી કચેરીઓ તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી ૫૦% સ્ટાફ સાથે કામ કરવા સૂચના થઇ આવેલ છે.

આવી પરિસ્થિતિને કારણે જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૮અને ૯ હેઠળ જન્મ-મરણ કે મૃત જન્મની નોંધણી કરાવવાની જેની જવાબદારી કાયદાથી નિયત થયેલ છે, તેઓ ૨૧ દિવસની નિયત સમય-મર્યાદામાં જન્મ, મરણ કે મૃત જન્મના બનાવની નોંધણી કરાવી શકતા નથી. આમ, તેઓએ નિયત સમય-મર્યાદા બાદ જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ હેઠળ વિલંબિત નોંધણી કરાવવી પડે છે. જેના માટે નિયત લેઇટ ફી, નોટરી પબ્લીક / રાજ્ય સરકારે અધિકૃત કરેલા કોઇ અધિકારી સમક્ષ સોગંદનામુ કરવાનું રહે છે. સ્ટેમ્પ પેપર લેવામાં, સોગંદનામુ કરવામાં, ઘણા બધા લોકો હોમ ક્વોરન્ટાઇન/આઇશોલેશન/કન્ટેઇનમેન્ટ ઝોનમાં હોવાને કારણે તથા સા.વ.વિ.ના તા.૧૫/૦૪/૨૦૨૧ના પરિપત્રથી તા.૧૫/૦૪/૨૦૨૧થી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી સરકારી કચેરીઓ ૫૦% સ્ટાફ સાથે ચાલુ રાખવાની સૂચના થઇ આવેલ હોવાથી સામાન્ય લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આમ, ઉપરોકત વિગતેના વિશેષ/ખાસ સંજોગો ધ્યાને લેતા, ૨૨ દિવસ થી વધુ પરંતુ ૩૬૫ દિવસ સુધી મોડી નોંધણીની જે જોગવાઇઓ છે, તેમાં છૂટ આપવાની મળેલી રજુઆતો બાબતે **તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૧** સુધીમાં બનેલા/બનનારા જન્મ, મરણ અને મૃત જન્મના બનાવોની નોંધણી માટે એફીડેવીટ કરવામાંથી મુકિત તેમજ વિલંબીત નોંધણી ફી જતી કરવાનો નિર્ણય રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. તદ્અનુસાર, જન્મ, મરણ કે મૃત જન્મની નોંધણી કરવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં, કોરોનાની મહામારી ધ્યાને લેતા, જન્મ કે મરણના દાખલા માટે હવે કોઈ સ્વજને લાઇનમાં ઉભા રહેવું નહીં પડે તે માટે ટૂંક સમયમાં ઓનલાઇન સિસ્ટમ મારફતે જન્મ કે મરણ પ્રમાણપત્ર ડાઇનલોડ કરી શકાય તે માટે મોબાઈલ ફોન ઉપર એસ.એમ.એસ.થી આ અંગેની લીંક મોકલી, આ લીંક મારફતે જન્મ કે મરણનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા ટૂંક સમયમાં અમલી બનાવવામાં આવશે તેમજ કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે મહાનગરો અને નગરપાલિકાઓમાં હાલમાં ફીઝીકલ પ્રમાણપત્ર આપવાની હાલની પ્રથા કામચલાઉ ધોરણે મોકુફ રાખવામાં આવે છે. આ અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછીથી આપવામાં આવશે.

(જય પ્રકાશ શિવહરે,IAS)
મુખ્ય રજીસ્ટ્રાર(જન્મ-મરણ) અને
કમિશ્નર (આરોગ્ય)
ગુજરાત રાજ્ય

પ્રતિ,
૧. જિલ્લા રજીસ્ટ્રાર જન્મ-મરણ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,જિલ્લા પંચાયત- (તમામ)
૨. તબીબી અધિકારીશ્રી અને રજીસ્ટ્રાર (જન્મ-મરણ),મહાનગરપાલિકા- (તમામ)
૩. રજીસ્ટ્રાર (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકાઓ- (તમામ)
૪. તાલુકા રજીસ્ટ્રાર(જન્મ-મરણ) અને તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત (તમામ)

ફોન : (ઓ) (૦૭૯) ૨૩૨૫૩૨૭૧ ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૪૩૦ ઈ-મેઈલ : cohealth@gujarat.gov.in